મોડાસામાં અર્બુદાસેનાનું શક્તિ પ્રદર્શન : પ્રમુખ વિપુલ ચૌધરીની ઉપસ્થિતિમાં રેલી અને સંમેલન યોજ્યું

હાલ ચૂંટણીઓ નજીકમાં છે, ત્યારે દરેક રાજકીય કે સામાજિક સંગઠન દ્વારા શક્તિ પ્રદર્શનો યોજવામાં આવે છે. ત્યારે અરવલ્લીના મોડાસા ખાતે અર્બુદા સેનાનું શક્તિ પ્રદર્શન પૂર્વ ગૃહમંત્રી અને અમૂલ ફેડરેશનના પૂર્વ ચેરમેન વિપુલ ચૌધરીની અધ્યક્ષતામાં યોજાયું હતું. મોડાસા ખાતે આજે પૂર્વ ગૃહમંત્રી અને અમૂલ ફેડરેશનના પૂર્વ ચેરમેન અને ગુજરાત અર્બુદા સેનાના કન્વીનર વિપુલ ચૌધરીની ઉપસ્થિતિમાં અર્બુદા સેનાનું સંમેલન યોજાયું સંમેલન શરૂ થાય એ પહેલાં ભવ્ય બાઈક રેલી સાથે શોભાયાત્રા યોજાઈ હતી. વિશાળ સંખ્યામાં અર્બુદા સેનાના ભાઈ બહેનો ઉપસ્થિત રહ્યા હતા. ત્યારબાદ મોડાસાના મેઘરજ બાયપાસ રોડ પર અર્બુદા સેનાનું કાયમી કાર્યાલયનો શુભારંભ કરવામાં આવ્યો હતો. વિધાનસભાની ચૂંટણી ૨૦૨૨ નું રણશિંગું ફુંકાઇ ગયું છે, વિવિધ સંગઠનો પ્રચાર પ્રસારમાં લાગી ગયા છે અને વિવિધ સમાજના સંગઠન પોતાની માંગણીઓ ડબલ એન્જિન સરકાર સમક્ષ મુકી તેને સંતોયવા અપીલ કરતા નજરે પડે છે ત્યારે મોડાસાની મુલાકાતે પહોંચેલા પૂર્વ ગૃહરાજ્ય મંત્રી વિપુલ ચૌધરીએ ત્રણેય રાજકીય પાર્ટીઓ પર આડકતરી રીતે પ્રહાર કર્યા હતા. મીડિયા સાથેની વાતચીતમાં જણાન્યું કે, આ વર્ષે વિધાનસભાની ચૂંટણીમાં ત્રણ પાર્ટીઓ મેદાને છે અને વિવિધ સમાજોના ત્રણ ભાગલા પાડવાનો પ્રયાસ કરશે પણ તેમનો સમાજ સંગઠિત છે અને સંગઠિત રહેવાનો છે. વધુમાં તેમણે કહ્યું કે, જે કોઇ પણ પાર્ટી ચૌધરી સમાજની વાત સાંભળશે તેમનો સાથે આપશે તેવું પણ જણાવ્યું હતું, વિપુલ ચૌધરી ચૂંટણી લડશે કે નહીં તેના સવાલના જવાબમાં તેમણે જણાવ્યું કે, તેમનો હાઇ કમાન્ડ ચૌધરી સમાજ છે અને સમાજ જેમ કહેશે તેમ તેઓ કરશે. પોતાના નિવેદનમાં વિપુલ ચૌધરીએ જણાવ્યું હતું કે, મારો સમાજ એજ મારો હાઇકમાન્ડ છે જે અર્બુદા સેના અમારો સામાજિક એજન્ડા જે સરકાર સ્વીકારે એની સાથે રહીશું ડબલ એન્જીન સરકાર અમારા સમાજને સામાજિક શૈક્ષણિક પછાત વર્ગના લાભો આપે અમે દૂધના દાઝેલા છીએ છાશ ફૂંકીને પીશું એવું નિવેદન વિપુલ ચૌધરીએ આપ્યું હતું

ડો. મોહિલ પટેલે એક દિવસમાં સૌથી વધુ બાળકોનો જન્મ કરાવવાનો વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો

જાણીતા ગાયનેકોલોજિસ્ટ, ઑબ્સ્ટેટ્રિશિયન અને વંધ્યત્વના નિષ્ણાત ડૉ. મોહિલ પટેલે એક જ દિવસમાં સૌથી વધુ બાળકોના ઑપરેશન અને ડિલિવરીનો વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો છે. અમદાવાદના નવા નરોડા ખાતે અંકુર મેટરનિટી હોમ એન્ડ ક્લિનિક ચલાવતા ડૉ. પટેલે ૧૯ ઓગસ્ટના રોજ જન્માષ્ટમીના શુભ અવસર પર વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો છે. ડૉ. પટેલે એક જ દિવસમાં ૨૦ બાળકોને સફળતાપૂર્વક જન્મ આપ્યો અને નવો વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો હતો. વર્લ્ડ રેકોર્ડ્સ ઈન્ડિયાએ ડૉ. પટેલની અદભૂત સિદ્ધિને માન્યતા આપી છે અને તેમને "એક જ દિવસમાં સૌથી વધુ બાળકોને જન્મ આપવા" માટે વિશ્વ વિક્રમ પ્રમાણપત્ર એનાયત કર્યું છે. વર્લ્ડ રેકોર્ડ સર્ટિફિકેટ શનિવારે વર્લ્ડ રેકોર્ડ ઈન્ડિયાના પ્રમુખ પવન સોલંકી દ્વારા અંકુર મેટરનિટી હોમ એન્ડ ક્લિનિક ખાતે ડૉ. પટેલને આપવામાં આવ્યું હતું. ડૉ. પટેલે જણાવ્યું હતું કે, "વર્લ્ડ રેકોર્ડ બનાવવો એ એક અદ્ભુત લાગણી છે. અમારા મગજમાં કોઈ રેકોર્ડ ન હતો, પરંતુ અમને લાગ્યું કે અમે જન્માષ્ટમીના પર્વ પર ૨૦ બાળકોના જન્મ કરાવવામાં સફળ થયા ત્યારે અમે કંઈક વિશેષ કર્યું છે. અમે વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો છે તે જાણીને અમને સુખદ આશ્ચર્ય થયું. હું આ વિશ્વ વિક્રમ મારી ટીમને તથા જે માતા-પિતાએ તેમના બાળકોને જન્મ આપવા માટે અમારા પર વિશ્વાસ મૂક્યો હતો તેમને અને તે દિવસે અમારી હોસ્પિટલમાં જન્મેલા નાના કૃષ્ણ અને રાધાને સમર્પિત કરવા માંગુ છું.'' અમદાવાદમાં અંકુર મેટરનિટી હોમ એન્ડ ક્લિનિક ડૉ. પટેલના નેતૃત્વ હેઠળ સંચાલિત છે અને શ્રેષ્ઠ સ્ત્રીરોગ અને પ્રસૂતિ કેન્દ્રોમાંનું એક છે અને ઘણા વર્ષોથી દર્દીઓને ઉચ્ચ ગુણવત્તાની તબીબી સંભાળ પૂરી પાડી.

પાલનપુરમાં અસહ્ય ઉકળાટ બાદ વરસાદનું આગમન

પાલનપુરમાં છેલ્લા બે દિવસથી અસહ્ય ગરમી અને ઉકળાટ બાદ આજે મોસમે મિજાજ બદલ્યો હતો. આજે બપોર પછી વાતાવરણ પલટાતા વરસાદનું આગમન થયું હતું.

બનાસકાંઠા જિલ્લા પંચાયતનો ત્રીજા માળનો સ્લેબ તૂટયો

કોંગ્રેસ શાસિત બનાસકાંઠા જિલ્લા પંચાયતના ત્રીજા માળે આવેલી મહિલા અને બાળ વિકાસ સમિતિના ચેરમેનની કચેરીની બહારનો સ્લેબ અચાનક તૂટી પડ્યો હતો. જોકે, આજે બીજા શનિવારની રજા હોઈ મોટી દુર્ઘટના ટળી હતી. કોંગ્રેસ શાસિત બનાસકાંઠા જિલ્લા પંચાયતનું બિલ્ડીંગ હવે જૂનું થઈ ગયું છે. જિલ્લા પંચાયતની ઈમારતમાં અનેક જગ્યાએ તિરાડો અને પોપડા ઉખડી ગયા હોવાનું જોવા મળે છે. ત્યારે આજે બનાસકાંઠા જીલ્લા પંચાયત ખાતેના મહિલા બાળ વિકાસ ચેરમેનની કચેરી બહારનો સ્લેબ અચાનક ધડાકાભેર તૂટી પડ્યો હતો. જોકે, સદનસીબે મોટી જાન હાની ટળી હતી. જોકે, બીજા શનિવારની રજા હોઈ લોકોની અવરજવર બંધ હોઈ મોટી દુર્ઘટના ટળી હતી. ત્યારે જિલ્લા પંચાયતની ઈમારતનું સમારકામ હાથ ધરાય તેવી માંગ ઉઠી છે.

૧ મહિનાથી બાળકોમાં ચેપી રોગનો ફેલાવો

જિલ્લાના બાળકો હેન્ડ-ફૂટ-માઉથ ડીસીઝના સકંજામાં

૧ થી ૧૦ વર્ષની વયના હજારો બાળકો શરીરે ફોડલા સાથે તાવમાં પટકાયાં

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૧

ભાદરવાના આકરા તાપમાં વકરેલી વાયરલ બિમારીઓ વચ્ચે બાળકોમાં હેન્ડ-ફૂટ અને માઉથનો ચેપીરોગ ફેલાયો છે. ૧ મહિનાથી સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ૧ થી ૧૦ વર્ષની વયના હજારો બાળકોના શરીરે લાલ ફોડલા સાથે તાવમાં પટકાયાં છે. બંને જિલ્લામાં ચેપી રોગનો ફેલાવો થતાં ૫૦૦૦થી વધુ બાળકોમાં આ રોગનાં લક્ષણો જોવા મળ્યાં છે.

ચોમાસાનો વરસાદ થંભી ગયા પછી આકાશમાંથી ભાદરવાના આકરા તાપનો કહેર વરસવાની શરુઆત થઈ તે સાથે જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી કોરોના, સ્વાઈનફ્લુ સહિતના રોગ માથું ઉંચકી રહ્યા છે. હવે બાળકોમાં ચેપી રોગનો ફેલાવો થતાં એક પછી એક અસંખ્ય બાળકો હેન્ડ-ફૂટ-માઉથ ડીસીઝના

સકંજામાં આવી રહ્યા છે. જિલ્લામાં ૫ વર્ષ સુધી ઉંમરના બાળકોમાં આ રોગનાં લક્ષણો વધી ગયાં છે જેમાં બાળકને અસહ્ય તાવ આવવાની સાથે હાથ-પગ-મોઢા ઉપર લાલ ફોડલા જોવા મળતા હોય છે. છેલ્લા ૧ મહિનામાં ચેપી ગણાતા આ રોગની ઝપેટમાં ૫૦૦૦થી પણ વધુ બાળકો આવી ગયા હોવાનું બહાર આવ્યું છે. હેન્ડ-ફૂટ-માઉથ ચેપી રોગ છે અને તેનાથી પીડાતા બાળકોના સંપર્કમાં કોઈ અન્ય બાળક આવે તો તેનામાં પણ આ રોગ ફેલાઈ શકે છે. બાળરોગ નિષ્ણાતોના જણાવ્યા મુજબ ચોમાસાની ભેજવાળી ઋતુમાં તેનું વધુ સંક્રમણ થતું હોય છે. બાળકને ખુબ તાવ આવવો, હાથ-પગ મોઢા ઉપર લાલદાણા નિકળવા અને ધીરે ધીરે તેની સાઈઝ વધવી, શરીરમાં દુખાવો થવો, ગળામાં પણ દુખાવાની સમસ્યા સહિતના આ રોગના લક્ષણો છે. આ રોગ વાયરસથી થતો હોવાથી ખાસ કરીને બાળકોના માતા-પિતાએ ડરવાની જરૂર નથી પરંતુ ૧ ટકાથી પણ વધુ ઓછા બાળકો આ રોગના કારણે ગંભીર સ્થિતિમાં મૂકાતા હોય છે. જિલ્લામાં હમણાંથી બાળકોમાં આ રોગનાં લક્ષણો વધી ગયાં છે. બાળકોમાં હેન્ડફૂટ-માઉથ ડીસીઝના લક્ષણો જણાય કે તરત પીડીયાટ્રીશીયનનો સંપર્ક કરવો વધુ હિતાવહ છે. જ્યારે આ રોગની ઝપેટમાં આવેલું બાળક અન્ય બાળકના સંપર્કમાં ન આવે તેની પણ તકેદારી રાખવી જરૂરી બની છે. બાળકો આ રોગમાં સપડાયા પછી સાજા થયાના ૧-૨ મહિના સુધી કેટલાક બાળકોમાં શરીર ઉપર લાલ દાણાના નિશ રહી શકે છે અને તે ચિંતાની વાત ન હોવાનું નિષ્ણાતો જણાવી રહ્યા છે. જે બાળકોની રોગપ્રતિકારક શક્તિ ઓછી હોય તેમના ઉપર વિશેષ ધ્યાન રાખવાની હાલ જરૂર છે. બાળકોને જ્યુસ, નાળીયેર પાણી, મગનું પાણી સતત પીવા માટે આપવું જોઈએ આ ઉપરાંત શાળામાં અભ્યાસ માટે જતા બાળકો માસ્ક પહેરી રાખે તેમજ સેનેટાઈઝરથી નિયમિત હાથ સાફ કરે તેમજ ૨૦ સેકન્ડ સુધી સાબુથી હાથ ધોવે સહિતની તકેદારી હાલના સમયે જરૂરી બની છે. જિલ્લામાં બિમારીના કહેર વચ્ચે બાળકો ઉપર ઘાત આવી હોય તેમ બાળકો હેન્ડ-ફૂટ-માઉથ ડીસીઝના સકંજામાં આવ્યાં હોવાનું જાણવા મળ્યું છે.

> હિંમતનગરની હોસ્પિટલોમાં દૈનિક ૨૦૦ કેસ - હિંમતનગરના બાળરોગ નિષ્ણાતોના જણાવ્યા અનુસાર અગાઉ હેન્ડ-લૂંટ-માઉથ ડીસીઝના દૈનિક ૨૦૦ કેસ આવતા હતા. જો કે હવે તેમાં ઘટાડો થયો છે અત્યારે દૈનિક ૫૦ થી ૭૦ કેસ નોંધાઈ રહ્યા છે.
>
> **રોગની તિવ્રતા ઘટી છે – બાળ રોગ નિષ્ણાત**
>
> હિંમતનગરની કિલ્લોલ હોસ્પિટલના ડં.અતુલ નાયકે જણાવ્યું કે અત્યારે હેન્ડ--માઉથ ડીસીઝના બાળદર્દીઓની સંખ્યામાં ઘટાડો થઈ રહ્યો છે. આ એક પ્રકારનો ચેપીરોગ છે.

પાક બચાવવા માટે ધોધમાર વરસાદની જરુરીયાત

જિલ્લાના ૪ જળાશયોમાં ૧૦૦ ટકા પાણીનો સંગ્રહીત, ૪ જળાશયોમાં ૮૦ ટકાથી વધુ

ખરીફ વાવેતરને બચાવવા સિંચાઈ માટે પાણી આપવાની માંગ

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૧

જિલ્લામાં આકરા ઉનાળા જેવી ગરમી શરુ થઈ છે અને વરસાદ રીસામણે બેસતાં ખરીફ વાવેતર બળી રહ્યું છે ત્યારે જિલ્લાના જળાશયોમાંથી ખરીફ વાવેતરને બચાવવા સિંચાઈ માટે પાણી આપવાની માંગ બાયડ, માલપુર તાલુકાના ખેડૂતો દ્વારા થઈ રહી છે. જિલ્લાના ૪ જળાશયોમાં ૧૦૦ ટકા અને ૪ જળાશયોમાં ૮૦ ટકાથી વધુ પાણી સંગ્રહીત થયું છે. જ્યારે સુજલામ કેનાલ બે કાંઠે વહેતી હોવાથી અનેક ખેડૂતોને સિંચાઈનાં પાણી મૂકવાની શરુઆત કરી છે.

આ વર્ષે રાજ્ય સહિત ઉત્તર ગુજરાતમાં એકંદરે સારો વરસાદ વરસતાં ૧૫ લાખ હેક્ટરથી વધુ જમીનમાં ખરીફ પાકનું વાવેતર થયું છે. પરંતુ છેલ્લા ૧૦ દિવસથી વરસાદ ન વરસતાં જે વિસ્તારોમાં ઓછો વરસાદ વરસ્યો હતો તે વિસ્તારોમાં ખરીફ વાવેતર બળવા લાગ્યું છે. ઘરેલું સિંચાઈ હોવા છતાં ખેડૂતોને ખેતી વિષયક વીજળી પુરતા પ્રમાણમાં મળતી ન હોવાથી ખેડૂતો તંત્ર સામે ખફા જોવા મળી રહ્યા છે. આ સંજોગોમાં વીજળીની અછત હોય તો જળાશયોમાંથી પાણી છોડી ખેડૂતોની મૂરઝાતી ખેતીને બચાવવી જોઈએ. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં મોટાભાગના જળાશયોમાં કોઈપણ પ્રકારની ચિંતા વગર ખેડૂતોને સિંચાઈ માટે પાણી આપી શકાય તેટલો જથ્થો ઉપલબ્ધ હોવાથી સરકાર અને સિંચાઈ વિભાગે આ મુદ્દે ઝડપથી નિર્ણય લેવો પડશે. આજથી જિલ્લાના કેટલાક વિસ્તારોમાં વરસાદની આગાહી થઈ છે ત્યારે ધોધમાર વરસાદ ન વરસે તો સિંચાઈ માટે ખેડૂતોને પાણી આપ્યા વગર બીજો કોઈ વિકલ્પ ન હોવાનું જાણવા મળ્યું છે. જિલ્લાના હાથમતી, હરણાવ, મેશ્વો અને વડી જળાશયમાં ૧૦૦ ટકા પાણીનો જથ્થો સગ્રહીત છે.

જ્યારે માઝમ, ગુહાઈ, વાત્રક, જવાનપુરા જળાશયમાં સરેરાશ ૮૨ થી ૯૦ ટકા જેટલો પાણીનો જથ્થો સંગ્રહીત હોવાથી ખેડૂતોનું હિત જોઈ વિભાગ દ્વારા પાણી છોડવા માટે તાબડતોબ સરકારમાં દરખાસ્ત મોકલવી રહી.

જિલ્લામાં બપોર બાદ હવામાન પલ્ટાયું, અનેક વિસ્તારોમાં ઝરમરીયો વરસાદ : બફારા-ગરમીમાં રાહત ...!!

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૧

અરવલ્લી જિલ્લામાં ભાદરવી પુનમે બપોર બાદ હવામાન પલ્ટાયું હતું. કાળા ડીબાંગ વાદળો ગોરંભાયા પછી મેઘગર્જના સાથે બાયડ સહિત જિલ્લાના કેટલાક વિસ્તારોમાં ઝરમરીયો વરસાદ વરસતાં છેલ્લા દોઢ સપ્તાહથી ગરમી-બફારામાં પીસાતી પ્રજાને રાહત થઈ છે. રાજયમાં તા.૧૦ સપ્ટેમ્બરથી હળવા વરસાદની આગાહી કરવામાં આવી હતી. શનિવારે અસહ્ય બફારા વચ્ચે પણ ભાદરવી પુનમ હોવાથી જિલ્લાના દેવમંદિરો અને યાત્રાધામમાં મોટી સંખ્યામાં ભક્તો ઉમટ્યા હતા. હૈયે હૈયું ભીડાય તેટલી ભીડમાં બફારાએ ભક્તોને પણ દર્શન કરતાં પજવ્યા હતા. ત્યારબાદ બપોર પછી હવામાનમાં પલ્ટાવ આવ્યો અને બાયડ, માલપુર, ધનસુરા સહિતના કેટલાક ગ્રામ્ય વિસ્તારોમાં ઝરમરીયો વરસાદ વરસતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી.

ડીસા દક્ષિણ પોલીસ મથકના પીઆઈ એસ એમ પટણીની આંતરિક બદલી કરાતાં એચ એ ગોહિલની નિમણૂક કરાઈ

ક્ષત્રિય સમાજના અગ્રણી બહાદુરસિંહ વાઘેલા દ્વારા બન્ને અધિકારીઓનું સન્માન કરાયું

ડીસા, તા. ૧૧

ડીસા દક્ષિણ પોલીસ મથકમાં પોલીસ ઈન્સ્પેક્ટર તરીકેની પ્રશંશનીય કામગીરી બજાવનારા અને ટૂંક જ સમયમાં લોકોના હૃદયમાં સ્થાન મેળવનાર પીઆઈ એસ.એમ પટણી આંતરિક બદલી કરવામાં આવી છે જેમાં દક્ષિણ પોલીસ મથકે પીઆઈ તરીકે ફરજ બજાવતા એસ.એમ પટનીને ડીસા તાલુકા પોલીસ મથકમાં મુકવામાં આવ્યા છે જ્યારે દક્ષિણ પોલીસ મથકમાં નવા પીઆઈ તરીકે એચ એ ગોહિલની નિમણૂક કરવામાં આવી છે ત્યારે ગુજરાત ક્ષત્રિય સમાજના અગ્રણી બહાદુરસિંહ વાઘેલા દ્વારા નવા નિમણૂક થયેલા અને? ડીસા તાલુકા પોલીસ મથકે પીઆઈ તરીકે બદલી કરાયેલ પીઆઈ એસ એમ પટણી બન્નેનું ફુલહાર પહેરાવી પુષ્પગુચ્છ અર્પણ કરી સાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું જેમાં ક્ષત્રિય સમાજના અગ્રણી બહાદુરસિંહ વાઘેલા, લાલસિંહ, બળવંતસિંહ, કનુભાઈ ત્રિવેદી, રમેશસિંહ સોલંકી,બકુસિંગ ભારતસિંહ તથા કિશનસિંહ ગણપતસિંહ તથા નામી અનામી હોદેદારો આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

વારંવારના વિજકાપથી ખેડૂતોમાં રોષ

અરવલ્લી જિલ્લામાં ગરમીનો પારો ઉંચકાતાં ખરીફ વાવેતર બળવા લાગ્યું

પિયતની જરુરીયાત ખેડૂતોને નિયમિત ૮ થી ૧૦ કલાક વીજળી આપવા માંગ

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૧

અરવલ્લી જિલ્લામાં ભરચોમાસે ઉનાળો જામ્યો હોય તે રીતે તાપમાનનો પારો ૩૫ ડિગ્રીને બતાં ખરીફ વાવેતર કેટલાક વિસ્તારોમાં બળવા લાગ્યું છે. ખેતીને અત્યારે પિયતની જરુરીયાત છે ત્યારે વારંવારના વિજકાપથી ખેડૂતો રોષે ભરાયા છે. ખેડૂતોને નિયમિત ૮ થી ૧૦ કલાક ખેતી વિષયક વીજળી આપવા ડેમાઈ પંથકના ખેડૂતોએ રજૂઆત કરી છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર અરવલ્લી જિલ્લામાં આ વર્ષે મોસમનો ઓછો વરસાદ છતાં ૨,૦૦, ૧૪૩ હેક્ટર જમીનમાં વાવેતર થયું છે જે ગત વર્ષની સરખામણીએ ૯૯.૩૫ ટકા વાવણી સંપન્ન થઈ છે. પરંતુ બાયડ-માલપુર તાલુકામાં સરેરાશ કરતાં ઓછો વરસાદ વરસતાં આ વિસ્તારમાં ખેડૂતોને ખેતી બચાવવા માટે સિંચાઈના પાણી મૂક્યા સિવાય કોઈ વિકલ્પ નથી. છેલ્લા ૧૦ દિવસથી જાણે કે ઉનાળો શરુ થયો હોય તે રીતે આકાશમાંથી અગનગોળા વરસી રહ્યા છે. તાપમાનનો પારો ઉંચકાતાં દિવેલા, કપાસ, મગફળી, તૂવર સહિતનો પાક બળી રહ્યો છે. આ સંજોગોમાં ધોધમાર વરસાદ વરસે કાં તો

ખેડૂતો સિંચાઈનાં પાણી મૂકે તો જ રોગચાળામાં અને કરમાતી ખેતીને બચાવી શકાય. ત્યારે ખેડૂતોને હવે સિંચાઈના પાણી મૂકવાની ફરજ પડી રહી છે ત્યારે જિલ્લાના કેટલાક વિસ્તારોમાં વારંવારના ખેતી વિષયક વિજ ધાંધિયાથી ખેડૂતો ત્રાસી ઉડ્યા છે. બાયડ તાલુકાના ડેમાઈના ખેડૂત રજનીભાઈ મૂળજીભાઈ પટેલે વારંવારના વિજ ધાંધિયાથી ત્રાસી ઉત્તર ગુજરાત વિજ કંપનીના ચીફ ઈજનેર તેમજ કાર્યપાલક ઈજનેરને ફરિયાદ કરી હોવા છતાં પણ વિજ ધાંધિયામાંથી મુક્તિ મળતી નથી. આ વિસ્તારના ખેડૂતોએ આરોપ લગાવ્યો કે માંડ ૩ થી ૪ કલાક વીજળી આવે છે અને અનિયમિત વીજળી અંગે ફરિયાદ કરીએ છીએ તો જવાબદાર અધિકારીઓ ખેડૂતોનું કોઈ સાંભળતું નથી.

પ્રાંતિજ ખાતે લપ્પી વાયરસથી પીડાતી ગાય મળી આવતા સારવાર કરવામાં આવી

પ્રાંતિજ તા.૧૧

સાબરકાંઠા જિલ્લા મા લમ્પી વાયરસ ના કેસો જોવા મળે છે ત્યારે પ્રાંતિજ ખાતે પણ લમ્પી વાયરસ થી પીડાતી ગાય મળી આવતા મંહત

તથા ટીઆરપી જવાનો ની મદદત થી પશુ ડાકટર દ્વારા સારવાર કરવામા આવી. પ્રાંતિજ નેશનલ હાઈવે ત્રણ રસ્તા પાસે ખુલ્લામા એક જગ્યાએ લપ્પી વાયરસ થી પીડિત ગાય જોવા મળી હતી તો આ અંગેની જાણ પ્રાંતિજ ના પોગલુ ખાતે રહેતા મહંત અને મંગલોદય સેવા પ્રતિષ્ઠાન ના અધ્યક્ષ સુનિલદાસજી મહારાજ જાણ થતા તેવો તાત્કાલિક સ્થળ ઉપર દોડી આવ્યા હતા અને પ્રાંતિજ પશુ દવાને જાણકરી હતી અને ત્યાંથી જગ્ગેશભાઈ દવાઓ રસી લઈ ને દોડી આવ્યા હતા તો ડાકટર સારવાર દરમ્યાન પ્રાંતિજ ટીઆરપી જવાનો ની મદદત થી ગાય ની સારવાર કરવામા આવી હતી ત્યારે હાલતો પ્રાંતિજ મા લમ્પી વાયરસ સાથે ગાય મળી આવતા અન્ય પશુ માલિકો મા પણ ભંય નો માહોલ છે ત્યારે પશુઓને રસી મુકવામા આવે તો લમ્પી વાયરસ સામે રક્ષણ મળી રહે છે.

અરવલ્લી : એલસીબીએ ૧૫ કિમી કેટા કારનો ફિલ્મી ઢબે પીછો કરી ૧.૪૮ લાખનો દારૂ ઝડપ્યો, બે દિવસમાં બે કારમાં શરાબની હેરાફેરી પર બ્રેક

મોડાસા, તા. ૧૧

રાજ્યમાં દારૂબંધીના પગલે વિદેશી દારૂના ભાવ ત્રણ થી ચાર ગણા મળતા બુટલેગરો નિતનવા પેતરા રચી દારૂ ઠાલવવા પ્રયત્નશીલ

રહે છે અરવલ્લી જીલ્લા જૅ સંજય ખરાતના માર્ગદર્શન હેઠળ પોલીસ તંત્રએ બુટલેગરો પર તવાઈ બોલવતા બુટલેગરો વિદેશી દારૂની હેરાફેરી માટે નીતનવા નુસ્ખા અપનાવી રહ્યા છે અરવલ્લી જીલ્લાના અંતરિયાળ માર્ગો પરથી બુટલેગરો વિવિધ વાહનો મારફતે દારૂ ઠાલવવા સક્રિય બન્યા છે. અરવલ્લી જીલ્લા એલસીબી પોલીસે સાયરા નજીક કારમાંથી ૨.૪૦ લાખનો દારૂ ઝડપી લીધાના ૪૮ કલાકમાં વધુ એક કારનો ૧૫ કીલોમીટર થી વધુ ફિલ્મી ઢબે પીછો કરી ૧.૪૮ લાખથી વધુનો વિદેશી દારૂ ઝડપી પાડ્યો હતો બંને કારમાં રહેલા બુટલેગરો ફરાર થઈ ગયા હતા એલસીબી પોલીસે દારૂ ભરેલી કેટા કારનો ધનસુરાના કીડી થી ફિલ્મી ઢબે પીછો કરી આંબલીયારા પોલીસ સ્ટેશન વિસ્તારના તેનપુર નજીકથી ઝડપી પાડી હતી રોડ પર ફિલ્મી દ્રશ્યો સર્જાયા હતા. અરવલ્લી જીલ્લા એલસીબી પીઆઈ સી.પી.વાઘેલા અને તેમની ટીમે ધનસુરા તાલુકાના કીડી ગામ નજીક પેટ્રોલિંગ હાથધરતાં કેટા કારમાં વિદેશી દારૂની ભરી બે બૂટલેગરો પસાર થવાની બાતમી મળતા પોલીસ સતર્ક બની બાતમી આધારિત કાર આવી પહોંચતા અટકાવવાનો પ્રયાસ કરતા બુટલેગરે કાર પુરઝડપે હંકારી મુકતા એલસીબી પોલીસે કારનો પીછો કરતા તેનપુર નજીક બુટલેગરો કાર મૂકી ફરાર થઈ જતા પોલીસે કારમાંથી ૧.૪૮ લાખથી વધુની ૫૪૯ વિદેશી દારૂની બોટલ જપ્ત કરી વિદેશી દારૂ, કાર મળી ૬.૪૮ લાખનો મુદ્દામાલ કબ્જે કરી ફરાર બંને બુટલેગરો સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કાર્ય હતા.